# શ્રી વસિષ્ઠ વિદ્યાલય,વાવ. (ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ)

## –:: <u>મારી દુકાન મારી પસંદ</u> ::–

આત્મીય વાલીશ્રી, વંદેમાતરમ્..

આપ સૌ કુશળ હશો.

આપ સૌ જાણો છો કે બાળકના સર્વાંગી વિકાસ માટે શાળા દ્વારા સતત પ્રયત્ન થતા હોય છે. બાળકો નાણાનું મહત્વ સમજે, તેઓની પસંદગી જાણી શકાય તેમજ તેમની નિર્ણય શકિત સચેત બને તેવા ઉમદા હેતુસર **<u>ફાઈનાન્સ અવેરનેસ અંતર્ગત</u>** શાળામાં સિ.કે.જી. થી ધો. ૨ ના વિદ્યાર્થીઓ માટે મારી દુકાન મારી પસંદ નામની પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાળકને ગમતી વિવિધ ચીજ વસ્તુ જેવી કે નાના રમકડાં, પેન્સિલ, રબર, સ્ટીકર, સ્માઈલી બોલ, વગેરેનો સ્ટોલ રાખવામાં આવશે. આ સ્ટોલમાંથી વિદ્યાર્થી તેમની પસંદગી અનુસાર ચીજવસ્તુ ખરીદશે. જો આપ આપના બાળકને આ પ્રવૃત્તિમાં ભાગ લેવડાવવા ઈચ્છતા હોય તો તેમની સાથે તા. **૨૭-૦૯-૨૦૨૩** ને બુધવારના રોજ **૨૦** રૂપિયા મોકલશો. આપેલ **૨૦** રૂપિયામાંથી બાળક સ્ટોલ પરથી એક થી વધુ તેમની પસંદગીની ચીજવસ્તુઓ ખરીદશે. શકય હોય તો **૨૦** રૂપિયાના છૂટા આપવા, નહિ તો શાળામાંથી પણ બાળકને **૨૦** રૂપિયાના છૂટા આપવામાં આવશે.

**<u>આ પ્રવૃત્તિમાં ભાગ લેવાથી વિદ્યાર્થીઓમાં નીચેના ગુણો કેળવાશે.</u>**

૧. બાળકની નિર્ણયશકિત ખીલશે.
૨. બાળકની પસંદગી જાણી શકાશે.
૩. બાળકમાં આર્થિક વ્યવહારનો ગુણ કેળવાશે.
૪. બાળક નાણાનું મહત્ત્વ સમજશે.
૫. બાળકની ગાણિતીક શકિતમાં વધારો થશે.
૬. બાળક વાસ્તવિક ધંધાકિય પ્રવૃત્તિથી જાણકાર થશે.
૭. બાળક આર્થિક લેવડ દેવડ વિશે માહિતગાર થશે.
૮. બાળક હિસાબ કિતાબ કરતો કે આપતો થશે વગેરે...

❖ ચાલો, આપણે સૌ સાથે મળીને બાળકને આ પ્રવૃતિ માટે પ્રોત્સાહિત કરીએ....